# આપ પાર્ટીનો અવિચારી નિર્ણય

અરૂણ જેટલી

(વિરોધ પક્ષના નેતા, રાજ્ય સભા)

ગત 27જુલાઈ, 2008ના રોજ ભાજપના ત્રણ સાંસદો - ફાગન સિંહ કુલશ્તે, મહાબીર સિંહ ભગોરા અને અશોક અગ્રાલને લાંચ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેઓને લાંચની ઓફર અમેરિકા સાથે અણુ સમજૂતી પર લેવામાં વિશ્વાસના મત વેળા સરકારની તરફેણમાં મત આપવા માટે કરવામાં આવી હતી. આ કેસમાં દિલ્હી પોલીસ ત્રણ સાંસદો વિરૂધ્ધ તપાસ કરી રહી છે. કથિત લાંચ આપનાર સાથે, ત્રણ સાંસદોની ધરપકડ કરવામાં આવી હતી અને પછીથી તેઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. દિલ્હીમાં 22 નવેમ્બર, 2013ના રોજ સીબીઆઈ કોર્ટના વિશેષ જજ શ્રી નરોત્તમ કૌશલ સમક્ષ ચાર્જશીટ દાખલ કરવામાં આવી. ન્યાયમૂર્તિએ તે અરજી ડિસ્ચાર્જ કરતા જણાવ્યું હતું કે, "સીએનએન - આઈબીએન ટીમ અને ત્રણ ભાજપના સાંસદ વચ્ચેના કરાર માત્ર કોંગ્રેસ પાર્ટી અને સમાજવાદી પક્ષના નેતાઓને ખુલ્લા પાડવા સોદાબાજીના પુરાવા એકત્ર કરવા સંબંધિત હતી. જેઓ સંવેદનશીલ સાંસદોને લાલચ આપવાની ભ્રષ્ટ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા હતા. ભારતીય દંડ સંહિતાની કલમ- 120 બી હેઠળ તે કૃત્ય ગેરકાયદે કે કાયદેસર હોય તેવું ન કહી શકાય".

આ જ આદેશમાં અન્ય બે સાંસદો - સુધીન્દ્ર કુલકર્ણી અને સુહેલ હિન્દુસ્તાનીને પણ આવરી લેવામાં આવ્યા. સીએનએન આઈબીએન - ટીમ દ્વારા તે પ્રક્રિયા રેકોર્ડ કરવામાં આવી હતી. ભ્રષ્ટાચારના કૃત્યો વધુને વધુ પ્રમાણમાં ખુલ્લા પાડવાની જરૂર છે, જેથી ભારતને વધુ પુરાવા મળે. લોકસભાએ પહેલેથી જ તે અંગેનો ખરડો પસાર કરી દીધો છે અને તેને રાજ્યસભામાં મંજૂરી મળવાની બાકી છે. આ સત્રમાં તેની તક ઉપલબ્ધ બનવાની છે. હું આ ખરડો વહેલી તકે પસાર થાય એવી આશા રાખું છું.

સમાચારપત્રોમાં આજે આપ સરકારે આ ચુકાદા સામે અરજી કરવાનો નિર્ણય લીધો હોવાના વિગતવાર સમાચાર પ્રગટ થયા છે. આપ પાર્ટી દેખીતી રીતે લોકપાલ કાયદા માટે ઝુંબેશ ચલાવી રહી છે, જે ચળવળ પોતાની હોવાનો દાવો કરે છે. આપ એક સક્ષમ કોર્ટ દ્વારા ખરડાને પડકારવા માગે છે. હકીકત એ છે કે જુલાઈ -2008માં વિશ્વાસના મત વેળા તેઓએ ક્રોસ મતદાન કર્યું હતું. તેના માટે તે સાંસદોને લાંચની ઓફર કરવામાં આવી હતી .

શ્રી અરવિંદ કેજરીવાલ અને તેમની સરકાર હવે ખરડા માટે કેવી દલીલ કરશે તે આશ્ચર્યજનક બાબત છે. તે રાજકીય સુસંગતતા કેટલાક માટે અજ્ઞાત બાબત બની ગઈ છે. રસપ્રદ રીતે, શ્રી કેજરીવાલ ભ્રષ્ટ અધિકારીઓ પર સ્ટિંગ ઓપરેશન કરવા માટે દરેકને પ્રેરિત કરી રહ્યા છે. પરંતુ આવા કિસ્સાઓમાં કાયદો લાગુ કરવા માટે આમ આદમી પક્ષ બધાને આઇપીસીની કલમ-120 બી હેઠળ દોષિત ધોરણો  અપનાવે છે કે કેમ તે જોવાનું રહેશે.